39

(૫૨૫) 65

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
ઘ–૫, સેક્ટર–૧૬, ગાંધીનગર,
તારીખ:

ક્રમાંક:મુ.ઈ.(યાં)/૧૦૯૯/હેન્ડપંપ/માહિતી/એમ–૩/ ૧૩૫૮ /'૯૯.
તા. ૨૩/૭/૯૯

## પ રિ પ ત્ર

વિષય:– પાણી પુરવઠા બોર્ડ દવારા શારવામાં આવેલ બોર તથા બેસાડેલ હેન્ડપંપની માહિતી ગ્રામ પંચાયત/ તાલુકા – જીલ્લા પંચાયતને આપવા બાબત.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દવારા વિવિધ પ્રોગામ હેઠળ બોર શારવામાં આવે છે, તથા સફળ બોર ઉપર હેન્ડપંપ બેસાડવામાં આવે છે.આ બોર તથા હેન્ડ પંપોની માહિતી જે તે ગ્રામ પંચાયત પાસે ઉપલબ્ધ હોય અને તેમનાં એસેટ રજીસ્ટરમાં તેની નોંધ લેવામાં આવે તે હેતુથી નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

ગામડાઓમાં શારવામાં આવેલ બોર તથા બેસાડવામાં આવેલ હેન્ડપંપોની માહિતી આ સાથે સામેલ પત્રકમાં ભરી દરેક ગ્રામ પંચાયતને મોકલવાની રહેશે. જેમાં ફળિયાવાર તથા લોકેશનવાર વિગતો જણાવવાની છે. આ પત્રકની એક નકલ દરેક ગામનાં તલાટીને આપવાની છે, જેઓ ગ્રામ પંચાયતનાં ઠરાવ સાથે પંચાયતનાં મિલકત રજીસ્ટરમાં તેની નોંધ કરશે.પંચાયતનાં ઠરાવ સાથેની એક નકલ મેળવીને બોર્ડમાં મોકલી આપવાની રહેશે.
ઠરાવનો મુસદ્દો આ સાથે બિડાણમાં છે.

જે તે તાલુકાનાં ગામડાઓની એકત્રિત માહિતી તાલુકા પંચાયતને અને તાલુકા પંચાયતોની એકત્રિત માહિતી જીલ્લા પંચાયતને મોકલી આપવાની રહેશે.

તા: ૩૦/૬/૯૯ સુધીમાં બેસાડવામાં આવેલા હેન્ડપંપોની વિગતો તા:૩૦/૯/૯૯ સુધીમાં સંબંધકર્તાને મોકલી આપવાની રહે શે.ત્યારબાદ દર છ મહિનાની વિગતો તે પછીનાં માસનાં અંત સુધીમાં સંબંધ કર્તાઓને મોકલી આપવાની રહેશે.

આ પરિપત્રનો ચુસ્તતાથી અમલ કરવાનો છે.

બિડાણ : પત્રક તથા ઠરાવનો મુસદ્દો.

(એસ.એમ.ઝવેરી)
મુખ્ય ઈજનેર(યાં)

નકલ રવાના પ્રતિ:–
:– મુખ્ય ઈજનેરશ્રી, ઝોન–૧/૨/૩ વડોદરા/અમદાવાદ/રાજકોટ.
:– મુખ્ય ઈજનેરશ્રી, (યાં) મટી/આઈ ઈ સી.
:– અધિક્ષકઈજનેરશ્રી,(યાંત્રિક)સર્વે.
:– કાર્યપાલક ઈજનેરશ્રી,(યાંત્રિક) સર્વે.
:– માસ્ટર ફાઈલ.

૫૪૨

-: પત્રક :-

સમય ગાળો. તારીખ:________________ થી તારીખ:________________ સુધી.

ગામનું નામ:

તાલુકાનું નામ:

જીલ્લાનું નામ:

૧: ફળીયાનું નામ તથા લોકેશન:

૨: બોરના શારકામની તારીખ:

૩: બોરની ઉંડાઈ(મીટર):

૪: કેસીંગ પાઈપની લંબાઈ(મીટર):

૫: પરિણામ (સફળ/નિષ્ફળ):

૬: હેન્ડપંપ બેસાડયાની તારીખ:

૭: ૩૨ મી.મી.જી.આઈ.પાઈપની લંબાઈ :
(મીટર તથા નંગમાં)

૮: હેન્ડપંપનું થાળુ બનાવ્યા તારીખ:

નાયબ કાર્યપાલક ઈજનેર(યાંત્રિક)

ઠરાવ

પાણી પુરવઠા બોર્ડ દવારા ગામમાં શારવામાં આવેલ બોર તથા બેસાડવામાં આવેલ

હેન્ડપંપોની વિગત તાઃ ________________ ના રોજ મળેલ છે. તે વિગતો પંચાયતના

મિલ્કત રજીસ્ટરમાં આઈટમ નં. ______________ થી પાના નં. ______________

ઉપર નોંધવામાં આવેલ છે.

ગ્રામ પંચાયતનો
ગોળ સિકકો

તલાટી કમ મંત્રી
પંચાયત